ગાંધીનગર સમાચાર

'માણસ ના બદલાયા, એટલે નોટ બદલવી પડી'

## @ગાંધીનગર

● યુનીસેફ અને જિલ્લા માહિતી કચેરી દ્વારા એક દિવસીય પરિસંવાદ હોટલ ફોર્ચ્યુન હવેલી સે-૧૧ ખાતે સવારે ૧૦.૩૦ કલાકે યોજાશે.

●શ્રી કષ્ટભંજન હનુમાનજીની મૂર્તિ જીર્ણોદ્ધાર પુનઃપ્રાણ પ્રતિષ્ઠ મહોત્સવ અંતર્ગત યજ્ઞ પ્રારંભ સવારે ૮.૧૫ કલાકે પેથાપુર મંદિર (વાંટ) ખાતે પ્રારંભ થશે.

● ગાંધીનગર શહેર ભાજપનું સ્નેહમિલન સમારોહ સે-૧૬ ઓપનએર થિયેટર ખાતે સાંજે ૫.૦૦ કલાકે યોજાશે.

●સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે કલેકટરના અધ્યક્ષ પદે સવારે ૯.૦૦ કલાકે પ્રગતિ સેતુ કાર્યક્રમ યોજાશે.

# દિકરાનાં આપઘાતનાં સમાચાર સાંભળ્યા બાદ મા-બાપે છુટ્ટા શોધવા નિકળવુ પડયું...!

**ભાટમાં રહેતા દિકરાએ ગળે ફાંસો ખાઈ લીધો : હરિયાણા રહેતા મા-બાપ રૂ. ૫૦૦ની નોટ લઈ ગાંધીનગર આવવા નિકળ્યા પણ કોઈએ વાહનમાં ન બેસાડયા : રાતભર છુટ્ટાની વ્યવસ્થા કરી બપોરે વાહનમાં બેઠા**

ગાંધીનગર, તા.૧૭

સરકાર દ્વારા રાતોરાત રૂ.૫૦૦-૧૦૦૦ની ચલણી નોટો બંધ કરવાના નિર્ણયને કયાંક આવકાર મળી રહ્યો છે તો કયાંક અત્યંત મુશ્કેલીઓનો સામનો કરનાર વ્યકિતઓ સરકારને 'હાય' આપી રહ્યા છે. આવી જ એક ઘટના ધ્યાને આવી છે. ગાંધીનગર નજીક ભાટ ખાતે રહેતા એક શ્રમિક દિકરાએ ગઈ સાંજે ગળે ફાંસો ખાઈ લીધો...! પોલીસે આ દુઃખદ સમાચાર હરિયાણા રહેતા તેમના મા-બાપને પહોંચાડયા તેવા જ મા-બાપ ગાંધીનગર આવવા નિકળી ગયા! રૂ. ૫૦૦-૫૦૦ની નોટ જોઈ એકેય વાહનચાલકે તેમને ન બેસાડયા! કોઈએ વેદના પણ ન સાંભળી...! આખરે રાતભર મા-બાપે ફરી ફરીને છુટ્ટાની વ્યવસ્થા કરી અને આજે બીજે દિવસે બપોરે તેઓ હરિયાણાથી વાહનમાં બેઠા હોવાનો કિસ્સો ધ્યાને આવ્યો છે..!



મળતી માહિતી મુજબ મુળ હરિયાણાનો અને હાલ ગાંધીનગર નજીક ભાટ ગામના ભાડાના મકાનમાં રહેતા ૩૩ વર્ષીય યુવાન પ્રવિણ કૃષ્ણકુમાર ચમાર હોટલોમાં મજુરી કામ કરતો હતો. ગઈ કાલે તેને તાવ હતો. સાંજે ઉપરના રૂમમાં સુવા માટે ગયો. આઠેક વાગતા અન્ય રૂમ પાર્ટનર ઉપરના રૂમે ગયો ને જોયું તો પ્રવિણ છતની પાઈપ ઉપર ખાટલાની નાયલોનની દોરી બાંધી ગળે ફાંસો ખાધેલી હાલતમાં હતો. ઘટના અંગે પોલીસને જાણ કરાતાં અડાલજ પોલીસ મથકનાં જમાદાર અમરતભાઈ સ્થળ પર પહોંચી ગયા હતા અને મૃતદેહ પી.એમ. કરાવી અકસ્માત મોતનો ગુનો નોંધ્યો હતો. યુવાને કરેલ આપઘાતનું કારણ જાણવા મળ્યું નથી પરંતુ મોડી સાંજે પોલીસે મૃતકના માતા પિતાનો મોબાઈલ નંબર મેળવી દિકરાના આપઘાત અંગે જાણ કરી ત્યાર બાદ રૂ.૫૦૦-૧૦૦૦ની બંધ થયેલી નોટોએ ૯૦૦ કિમી દુર માતા પિતાને રોકી રાખ્યા! બંધ થયેલી નોટો લઈને માતા પિતા તાત્કાલીક ગાંધીનગર આવવા નિકળ્યા પરંતુ કોઈ વાહને તેમને નોટો સ્વિકારીને બેસાડવાની તૈયારી ન બતાવી! આ નોટોનું એક્ષચેન્જ તાત્કાલીક કરવું પણ અશકય હતું..! આખરે રાતભર આસપાસમાં ભટકીને મા બાપે છુટ્ટા રૂપિયાની વ્યવસ્થા કરી અને અંતે આ વ્યવસ્થા થયા બાદ આજે બપોરે તેઓ ગાંધીનગર આવવા નીકળ્યા હતાં.

# રવિવારે જેસીઆઈનો પદગ્રહણ સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરની જુનિયર ચેમ્બર ઈન્ટરનેશનલનો પાંચમો પદગ્રહણ સમારોહ ૨૦મી નવેમ્બર ૨૦૧૬ રવિવારે સાંજે ૪ કલાકે સે. ૨૫માં ઈલેક્ટ્રોનિક જીઆઈડીસીમાં ગેઝિયા હોલ ખાતે યોજાશે. આ પદગ્રહણ સમારોહમાં જેસી ડૉ. પરાગી જસવંત ગાંધીના નેતૃત્વમાં નવનિર્વાચિત ટીમ શપથગ્રહણ કરશે.

જેસીઆઈના પાંચમા પદગ્રહણ સમારોહમાં મુખ્ય મહેમાન પદે જેસીઆઈના ઝોન-૭ના ઝોન પ્રેસિડેન્ટ જેસી ડૉ. ભુવન રાવલ ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે મુખ્યમંત્રીના ખાસ ફરજ પરના અધિકારી તથા ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા આશિર્વચન પાઠવશે. આ સમારોહમાં જેસીઆઈ સેનેટર જુગલ કિશોર છાછરીયા તથા પૂર્વ પ્રમુખ જેસી કેતન નિર્મલ અતિથી વિશેષ પદે ઉપસ્થિત રહેશે. આ પદગ્રહણ સમારોહમાં ઝોન-૭ના ઝોન વાઈસ પ્રેસિડેન્ટ સુનિલ ગંગવાણી, ઈન્સ્ટોલીંગ ઓફિસરની ભૂમિકા નિભાવશે અને સમગ્ર ટીમને હોદ્દાના શપથ લેવડાવશે.



આશાપુરા લેબર એન્ડ સિકયોરીટી સર્વિસના કર્મચારીઓને સન્માનવાનો કાર્યક્રમ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો. ગાંધીનગર બાર એસોસીએશનના પ્રમુખશ્રી જગદીશસિંહ આ અવસરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું આયોજન મનહરસિંહ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

## વાતવાતમાં

●રવિવારે શહેરમાં રોટરી કલબ દ્વારા આયોજિત સાયકલ મહાયાત્રામાં ગાંધીનગર શહેરમાં સાયકલનો કાયમી ઉપયોગ કરનાર મિત્રોનું સન્માન કરવામાં આવનાર છે. આ સન્માન મેળવવા પાત્ર નાગરિકોએ ફોન નં. ૨૩૨૪૪૧૬૬ પર સવારે ૮ થી ૧૨ અને સાંજે ૪થી ૬ વાગ્યા દરમિયાન અથવા ચૈતન્યભાઈ શુકલના મો.નં. ૯૮૨૫૨૫૦૯૭૫ પર સંપર્ક સાધવા જણાવાયું છે.

● સે-૧૬માં રહેતા એક પરિણિત યુવાને ઘરકંકાસથી કંટાળી ઝેરી દવા ગટગટાવી લીધી હતી. હાલ આ યુવાન સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

● વધુને વધુ ચલણી નોટો બદલવા નાગરિકો વિવિવ નુસ્ખા અજમાવી રહ્યા છે. સરકારે આઈડી પ્રુફ ફરજિયાત બનાવી એક જ વાર પૈસા બદલી શકાય તેવી જાહેરાત કરી હોવા છતા નાગરિકો પાનકાર્ડ, પાસપોર્ટ, આધારકાર્ડ, ઈલેકશન કાર્ડ, ડ્રાઈવીંગ લાયન્સ સહિતના વિવિધ પુરાવાનો ઉપયોગ વારાફરતી કરી નોટો બદલાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

● ચલણી નોટો એકની એક વ્યકિત દ્વારા વારંવાર બદલી ના શકે તે માટે મતદાન વખતે વપરાતી શાહીથી આંગળી પર આ નિશાન કરવાની જાહેરાત કરાઈ હતી. જો કે શહેરની કેટલીક બેંકોમાં આ શાહી પહોંચી ના શકતા બેંકવાળાઓએ પરમેનન્ટ માર્કર પેનનો ઉપયોગ કર્યો હતો.

● ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બાકી વેરાની વસુલાતમાં જુની ચલણી નોટો સ્વીકારવાની જાહેરાત કરતા વેરાની આવક વધી જવા પામી છે.

## ગાંધીનગર કોંગ્રેસ પરિવાર ૧૯મીએ ઈન્દીરાજીને અંજલિ આપશે

ગાંધીનગર, તા.૧૭

લોખંડી મહિલા અને ભારતના વડાપ્રધાન સ્વ. ઈન્દિરા ગાંધીની જન્મજયંતિએ ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ અને ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના ઉપક્રમે પુષ્પાંજલી અર્પવાનો કાર્યક્રમ તા.૧૯/૧૧/૨૦૧૬, શનિવારના રોજ સવારે ૧૦ કલાકે કોંગ્રેસ કાર્યાલય, સેક્ટર-૨૨, ગાંધીનગર ખાતે યોજેલ છે જેમાં સૌ શહેર અને જિલ્લાના કોંગ્રેસ કાર્યકરો-આગેવાનોએ સમયસર અચૂક ઉપસ્થિત રહેવા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી અને શહેર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડૉ. કૌશિક શાહે સંયુકતપણે અખબારી યાદીમાં જણાવ્યું છે.

# લ્યો... સેકટર-૪માં તો એટીએમ સેન્ટર જ નથી!!

ગાંધીનગર, તા.૧૭

ભારત સરકાર દ્વારા ૫૦૦/૧૦૦૦ની ચલણી નોટો રદી કરી તેના સ્થાને ૫૦૦/૨૦૦૦ની નવી નોટો ઈશ્યુ કરવા અંગેની જાહેરાત બાદ શહેરમાં જુની નોટો બદલાવવા નાગરિકો બેંકોમાં લાઈનો લગાવી રહ્યા છે. વળી, જેને પૈસાની તાત્કાલિક જરૂરિયાત હોય તેમને એટીએમમાંથી રૂ.૨ ૫૦૦ની મર્યાદામાં કેશ ઉપાડવાની પણ સરકારે જાહેરાત કરી છે પરંતુ ગાંધીનગરના વોર્ડ નં. ૮માં સેકટર-૪માં એક પણ બેંકનું એટીએમ સેન્ટર ના હોવાથી વિસ્તારના રહીશોને ભારે તકલીફ પડી રહી છે. આ સેકટરમાં તાત્કાલિક ધોરણે એટીએમ સેન્ટર ચાલુ કરાય તે અંગે વોર્ડ નં. ૮ના કોર્પોરેટર પાયલબેન મેણાત દ્વારા ત્રણ પબ્લિક સેકટર અને બે ખાનગી સેકટરની બેંકોને રજુઆત કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ સેકટરમાં પોસ્ટ ઓફિસની પણ સુવિધા નથી.

ગાંધીનગરના સેકટર-૪માં આશરે પાંચેક હજાર વસાહતીઓ વસવાટ કરી રહ્યાં છે. આ સેકટરમાં વર્ષોથી બેંકની શાખા અને એટીએમ સેન્ટર માટે વસાહતીઓ માંગ કરી રહ્યા છે પરંતુ હાલના સંજોગોમાં ચલણી નોટો બદલવા માટે તથા પોતાના ખાતામાંથી આકસ્મિક જરૂરિયાતો માટે નાણાં ઉપાડવાની અત્યારે તાતી જરૂરિયાત ઉભી થયેલ હોઈ આ વસાહતીઓ હાલાકીમાં મુકાયા છે. એક તરફ શહેરના મોટા ભાગના એટીએમ મશીનો બંધ હાલતમાં છે અને જે એટીએમ મશીન કાર્યરત છે ત્યાં લાંબી લચક લાઈનો જોવા મળી રહી છે ત્યારે સેકટર-૪ના રહીશોને પોતાના એટીએમ સેન્ટર હોય તો આ સંજોગોમાં પરેશાનીનો સામનો કરવો ના પડત. આ સેકટરના રહીશોની લાગણીને વોર્ડના નરસેવિકા પાયલબેન મેણાતે વાચા આપવાનું કાર્ય કર્યું છે.

વોર્ડ નં. ૮માં રહીશોની સુવિધાઓ મામલે નાનામાં નાની ફરિયાદો હોય તો કોર્પોરેટર પાયલબેન મેણાત દ્વારા સક્રીય રીતે વાચા આપવામાં આવે છે. તાજેતરમાં જ પોસ્ટબોક્ષ, આંગણવાડી, સરકારી દવાખાનું, ઝાડ કાપવા, વૃક્ષારોપણ જેવી અનેક સમસ્યાઓ બાબતે તેઓ અવાજ ઉઠાવી ચુકયાં છે. આ વખતે પણ તેમણે સેકટર-૪માં એટીએમ સેન્ટર ચાલુ કરવા શહેરની પાંચ બેંકોમાં જેમાં ત્રણ જાહેર ક્ષેત્રની અને બે ખાનગી ક્ષેત્રની ટોચની બેંકોનો સમાવેશ થાય છે ત્યાં લેખિત રજુઆત કરી સત્વરે એટીએમ સેન્ટર ચાલુ કરવા માંગણી કરી છે.

## બ્રહ્મભટ્ટ સમાજ દ્વારા ૨૦મીએ સ્નેહમિલન સમારોહ

ગાંધીનગર, તા.૧૭

બ્રહ્મભટ્ટ સમાજ ગાંધીનગર તરફથી નૂતન વર્ષ નિમિત્તે સ્નેહમિલન સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સમારંભ તા. ૨૦ નવેમ્બર, રવિવારના રોજ સવારે ૯.૧૫ કલાકે સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન, સરદાર પટેલના સ્ટેચ્યુ પાસે, ઘ-૪ સર્કલ સામે ઉદ્યોગ ભવન પાસે ગાંધીનગર ખાતે ઓપન લોનમાં રાખવામાં આવ્યું છે. આ પ્રસંગે સર્વે જ્ઞાતિજનોને તેમના પરિવારજનો સાથે પધારવા બ્રહ્મભટ્ટ સમાજના પ્રમુખ દિલીપસિંહ જશવંતસિંહ બ્રહ્મભટ્ટ તરફથી હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ગાંધીનગર શહેર ભાજપના કાર્યકરોનું ૧૮મીએ સ્નેહમિલન

ગાંધીનગર, તા.૧૭

૩૬-ગાંધીનગર ઉત્તર વિધાનસભા ભારતીય જનતા પાર્ટી દ્વારા આજે તા. ૧૮ નવેમ્બર ૨૦૧૬ના રોજ સાંજે ૫ કલાકે ઓપન એર થિયેટર, ઘ-૫ સેકટર-૧૬ ખાતે દિપાવલી સ્નેહ મિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે.

૩૬-ગાંધીનગર ઉત્તર વિધાનસભા ભારતીય જનતા પાર્ટી દ્વારા આયોજીત આ સ્નેહ મિલન સમારોહમાં બંકીમ પાઠક ગૃપ દ્વારા એક શામ, શહીદોને નામ...માં દેશભકિતના ગીતો દ્વારા વીર શહીદોને શ્રદ્ધાંજલિ અર્પવામાં આવશે. આ સ્નેહ મિલન કાર્યક્રમમાં સમગ્ર ૩૬-ગાંધીનગર ઉત્તર વિધાનસભાના કાર્યકર્તાઓ, શહેરના શ્રેષ્ઠીઓ, સહકારી આગેવાનો, યુવાનો તથા મહિલાઓ મોટી સંખ્યામાં હાજર રહેશે. આ કાર્યક્રમમાં પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રીમતી રમિલાબેન બારા, ધારાસભ્યશ્રી ભાવસાર, ગાંધીનગર મહાનગરપાલિકાના ડે. મેયર શ્રી દેવેન્દ્રસિંહ, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનશ્રી મનુભાઈ પટેલ, ગાંધીનગર જિલ્લાના પ્રમુખશ્રી નૈલેષભાઈ શાહ, ગાંધીનગર

**બંકીમ પાઠક અને કલાકાર વૃંદ દ્વારા 'એક શામ શહીદો કે નામ' દેશભકિતના ગીતોનો કાર્યક્રમ યોજાશે**

અશોકભાઈ પટેલ, શ્રી શંભુભાઈ ઠાકોર, પૂર્વ સહકાર મંત્રી શ્રી વાડીભાઈ પટેલ, મેયર શ્રી પ્રવિણભાઈ પટેલ ગુડાના ચેરમેનશ્રી આશિષભાઈ દવે, ગુડાના પૂર્વ ચેરમેન શ્રી અશોકભાઈ મહાનગરના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પટેલ (દાસ) ઉપરાંત પ્રદેશના પદાધિકારીઓ પણ ખાસ ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમમાં ગાંધીનગરના શહીદોના કુટુંબીજનોનું તથા સૈનિકોનું મોમેન્ટો આપી જાહેર સન્માન કરવામાં આવનાર છે. આ ઉપરાંત શહેરના વિવિધ ક્ષેત્રમાં પોતાનું યોગદાન આપનાર વિશેષ મહાનુભાવોનું પણ આ પ્રસંગે વિશેષ સન્માન કરવામાં આવનાર છે. આ પ્રસંગે ગાંધીનગરના શહેરીજનો, યુવાનો, માતાઓ-બહેનો, વિવિધ સમાજના આગેવાનો તથા સામાજીક તથા સહકારી ક્ષેત્રના આગેવાનો, વડીલો તથા સૌ કાર્યકર્તા ભાઈ બહેનોને આ દિપાવલી સ્નેહ મિલન સમારોહમાં ઉપસ્થિત રહેવા ભારતીય જનતા પાર્ટી દ્વારા ભાવભીનું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. કાર્યક્રમ બાદ સમૂહ ભોજનનો લાભ લેવા પણ અનુરોધ કરવામાં આવ્યો છે.







ચિલોડાથી અમદાવાદ જવાના માર્ગ પર શકિત કોમ્પ્લેક્ષની સામે ચિલોડાથી અમદાવાદ તરફ જઈ રહેલું એચ.પી. ગેસના ટેન્કર નં. એન.એલ. ૦૧-એલ. ૩૩૦૮ સાથે બાઈક નંબર જીજે-૯-એ.એમ. ૧૫૧૭નો ચાલક પાલજ ગામનો રહેવાસી પ્રવિણજી પુનાજી ઠાકોર ટકરાતા અકસ્માત થતાં તેમને ગંભીર ઈજા પહોંચતા તેમને કૃષ્ણા હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. ત્યારબાદ ગાંધીનગર ખાનગી હોસ્પિટલ ખાતે એમ્બ્યુલન્સમાં લઈ જવાયા હતા. ચિલોડા પોલીસે ઘટના સ્થળે આવી તપાસ શરુ કરી હતી.

# 'માણસ ના બદલાયા, એટલે નોટ બદલવી પડી'

**વડાપ્રધાને પ્રમાણિકતાનો ઉત્સવ ઉજવવા હાકલ કરી અને નેટીઝન્સ સોશ્યલ મિડીયા પર ફટાકડાં ફોડી રહ્યાં છે**

ગાંધીનગર, તા.૧૭

વડાપ્રધાને નોટબંધીની જાહેરાત કરતા નાગરિકોને અનુરોધ કર્યો હતો કે 'આ પ્રમાણિકતાનું પર્વ છે અને પ્રમાણિકતાના યુગ માટે સૌ ઉત્સાહપૂર્વક એમાં જોડાશો.' લાગે છે કે ભારતમાં સોશિયલ મિડીયા પર સતત એકિટવ નેટીઝન્સે વડાપ્રધાનના આ અનુરોધને બરાબર પચાવ્યો હોય તેમ જયારથી નોટબંધી પ્રારંભ થઈ ત્યારથી વિવિધ રસપ્રદ અને મનોરંજક ચુટકુલા તથા ચબરાકિયા દ્વારા પ્રમાણિકતાના ઉત્સવને માણી રહ્યા છે અને સાથે અન્ય નાગરિકોને પણ અરાજકતા ભરેલી અગવડો વચ્ચે મનોરંજન પુરું પાડી રહ્યાં છે.

●એક ટૂંકી વાર્તા : એક ઘરમાં ચોર ઘુસ્યાં, બધા સુઈ રહ્યાં હતા તેમને દવા સુંઘાડી બેભાન કરી દીધા અને તિજોરી તોડી જોયું તો આખી તિજોરી ૫૦૦/૧૦૦૦ની ચલણી નોટોથી ભરેલી પડી હતી. આ જોઈ ચોરોને ગુસ્સો આવ્યો અને તેઓ ઘરના તમામ સભ્યોની આંગળીએ શાહી લગાડી જતા રહ્યાં...!

● દરેકને વિનંતી છે કે તા. ૩૦મી સુધી દરરોજ રાત્રે બદામ પલાળી રાખો અને સવારે પત્નિને ખાલી પેટે ખવડાવી દો. તેનાથી તેની યાદ શકિત વધશે જેના કારણે તેણે ૫૦૦ અને ૧૦૦૦ની નોટ કયાં કયાં મુકી છે તે ઝડપથી યાદ આવશે... જનહિતમાં જારી..

● દાદી - કયારથી ચાલુ કરી આ ગંદી આદત?

પૌત્ર - કઈ આદત?

દાદી - લોટરી રમવાની

પૌત્ર - પણ ગુજરાતમાં તો લોટરી છે જ નહીં.

દાદી - નાલાયક જુઠ્ઠુના બોલ, હમણાં જ મેં તારા શર્ટના ખિસ્સામાંથી બે ગુલાબી રંગની લોટરીની ટિકિટ ફાડીને ફેંકી દીધી.

પૌત્ર - દાદી આ શું કર્યું... એ તો ૨૦૦૦ની નોટો હતી.

● જેમનું મન 'મોર' બની બહુ થનગનાટ કરતું હતું...

મોદીએ એમના 'પીંછા' ખેરવી નાંખ્યા...





●એક સરસ વિચારવા જેવી વાત : જો ૫૦૦/૧૦૦૦ની નોટો રાતોરાત બંધ થઈ શકતી હોય તો ગાયોના કતલખાના કેમ બંધ ના થઈ શકે.

● નરેન્દ્ર મોદી રાતે ટીવી પર આવ્યા હોય અને કીધું હોય કે 'આજે રાતે ૧૨ વાગ્યાથી...' આટલું બોલ્યા હોય ને લાઈટ જતી રહે તો..?? હોસ્પિટલો ભરાઈ જાય કે નહીં??

● હીરાબા પાસે તો પે'લેથી જ મોટી નોટ છે, બેંકે ખોટો ધક્કો ખાધો..!!!

● જે મહિલાઓ 'આંટી' કહેવાતી ચિઢાઈ જતી હતી તે આજે સિનિયર સિટીઝન બનીને બેંકોની લાઈનોમાં ઘુસી રહી છે.

● બેંકની લાઈનમાં ઉભી હતી તેવી બે સાસુઓની વાત સાંભળવા મળી..

'મારી નવી વહુ એટલે એકદમ હજારની નોટ જેવી, કોઈ પણ કામની નથી...!'

● અરે ભાઈ પડોશીને પણ શું કહેવું? કાલે રાત્રે ઠંડીના લીધે તાપણું કરવા આંગણામાં જરા કચરો સળગાવ્યો તો... સવારમાં બધા પુછતા હતા કેટલા હતા?

● મોદીજીએ એવી વાટ લગાડી છે કે સાત પેઢી બેઠા બેઠા ખાય તો પણ ખુટે એવું નથી તેવું કહેવાવાળા આજે દૂધની થેલી ઉધાર માંગી રહ્યાં છે.

●મારી તો ઉંઘ ઉડી ગઈ જયારે સસરાનો ફોન આવ્યો કે અમે 'દહેજ'ના દસ લાખ રૂપિયા લઈને આવીએ છીએ, મેં કીધું 'અરે લગ્નને તો ૨૦ વર્ષથી ઉપર વીતી ગયા હવે શા માટે' તો બોલ્યાં 'મેચ્યુરિટી બોનસ...!!'

● ન વફાકા જિક્ર હોગા, ન વફા કી બાત હોગી,

અબ મહોબ્બત જીસસે ભી હોગી, રૂપિયે ઠિકાને

લગાને કે બાદ હી હોગી...

(કવિ ટેન્શનમાં છે)

● નોટ રખતે હો હજારો મેં..

કુછ દિન તો ગુજારો કતારો મેં..

- બેંક ટુરિઝમ ડિપાર્ટમેન્ટ

● દષ્ટિ કોણ બદલો સાહેબ, સામાન્ય માનવી 'કેશ' બદલવા નહી 'દેશ' બદલવા લાઈનમાં ઉભો છે

અત્યાર સુધીનો વાંચેલો સૌથી સારો મેસેજ..

'માણસ ના બદલાયાં એટલે નોટ બદલવી પડી'

## ચોરીના એકટીવા સાથે બે શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર એલસીબી પીએસઆઈ કૃણાલ પટેલ તથા તેમની ટીમે પેટ્રોલીંગ દરમિયાન સે-૧ પંચતીર્થ કોમ્પ્લેક્ષ પાસેથી એક શખ્સને નંબર પ્લેટ વગરનાં એકટીવા સાથે પકડી પાડયો હતો. સે-૧૪ પ્લોટ નં. ૮૨/૨ ખાતે રહેતા સુજલ અશોક કાપડીયાની પુછતાછ કરતાં આ એકટીવા સે-૧-બી પ્લોટ નં. ૪૬૧/૧માં રહેતા તેના મિત્ર અર્જુન જગદીશ ઠકકરનું હોવાનું તેણે જણાવ્યું હતું. અર્જુનના ઘરેથી તેને પકડી એકટીવા અંગે પુછતા તેની પાસેથી કાગળો મળી આવ્યા ન હતા અને તેણે વડોદરા રેલવે કોલોની રહેતા તેના મિત્ર નોમાન શેખ પાસેથી રૂ. ૨૦ હજારમાં ખરીદ્યું હોવાની કેફીયત આપી છે. એકટીવાની તપાસ કરતાં વડોદરાથી ચોરાયેલું હોવાનું બહાર આવ્યું છે. એલસીબીએ એકટીવા રીકવર કરીને બંને શખ્સોની ધરપકડ કરી વધુ તપાસ શરુ કરી છે.

## મોટી આદરજના યુવાનનું ઝાડા ઉલ્ટીથી મૃત્યુ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર નજીક મોટી આદરજમાં રહેતા ૩૬ વર્ષીય યુવાન રાજુ ગાંડાભાઈ ઠાકોરને આજે વહેલી સવારે ઝાડા ઉલ્ટી થઈ જતા તેને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સરવાર અર્થે લઈ જવાયો હતો. બપોર સુધી જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહેલા રાજુ ઠાકોરનું આખરે હોસ્પિટલમાં જ સારવાર દરમિયાન કરૂણ મૃત્યુ નિપજયું હતું. પેથાપુર પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને વધુ તપાસ શરુ કરી છે.

## ચિરવિદાય

- સ્વ. રાણા પાલીબેન સવજીભાઈ, ઉ.વ. ૮૨
- સ્વ. રેવાબેન ભલાભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૯૭
- સ્વ. શર્મા જયરામભાઈ ભૂરારામ, ઉ.વ. ૫૫
- સ્વ. ચંદાબેન સંગ્રામજી ઠાકોર, ઉ.વ. ૯૦
- સ્વ. હરીભાઈ પરશુરામ મંગતાણી, ઉ.વ. ૫૦